☎ ૦૨૬૧-૨૪૬૪૪૩૦

નાયબ નિયામક,
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી
'સી' બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧
ઇ-મેઇલ :: swo-sur@gujarat.gov.in

જા.નં.ના.નિ./૨૦૨૦/ ૮

તા.૦૧/૦૧/૨૦૨૦

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
સુરત.

**વિષય:** વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહેલ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના (ધોરણ-૧૧-૧૨) વિદ્યાર્થીઓ માટે **DIGITAL GUJARAT PORTAL** ફરીથી રી-ઓપન કરવા બાબત.

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર/ ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી / વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) થી ચૂકવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા ડીજીટલ ગુજરાત પોર્ટલ ડેવલોપ કરવામાં આવેલ છે. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ઘણા વિદ્યાર્થીઓના ફોર્મ **DIGITAL GUJARAT PORTAL** પર ભરવાના બાકી રહી ગયેલ હતા. તેમના માટે પોર્ટલ ફરીથી રી- ઓપન કરવામાં આવ્યુ છે. જેથી આપની શાળાના જે વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી રહી ગયેલ હોય અથવા ફાઇનલ સબમીટ કરવાનુ રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓનો સત્વરે સંપર્ક કરી તેઓના ફોર્મ **તારીખ ૨૪/ ૦૧/ ૨૦૨૦** સુધીમાં ભરાવી ઓનલાઇન આપની કક્ષાએથી અત્રેની કચેરીએ **તારીખ ૩૦/૦૧/૨૦૨૦** સુધીમાં હાર્ડકોપી (FRC, સંસ્થાની માન્યતાનો લેટર, ફોર્મ તથા ડોક્યુમેન્ટ) સહીત મોકલી આપવાના રહેશે. આ આખરી અને અંતિમ તક હોય આપની કક્ષાએથી ગંભીરતાથી આ બાબતે કાર્યવાહી કરવવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે, જો કોઈ વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે શાળા/કોલેજો/સંસ્થાઓના આચાર્યની રહેશે. જેની નોધ લેવા વિનંતિ છે.

જા. નં. માશ-૨/ ૧૨૯
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બ્લોક
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત
તા.: ૩ / ૧ /૨૦૨૦

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

જિલ્લા શિક્ષણાધિકારી

Scanned by CamScanner